# યુ સેવ્ડ માઈ લાઈફ!

-વલ્લભ નાંઢા

**મી**સીસ શીતલ પટેલનો સેંટ વીન્સ્ટન બૉયઝ સ્કુલમાં એ પહેલો દીવસ હતો. શૈક્ષણીક કારકીર્દીનો આરંભ કરતાં મીસીસ પટેલ આ સ્કુલમાં યર ફોર્થના ક્લાસટીચર તરીકે જોડાતાં હતાં. નવાસવા શીક્ષકના મનમાં જાગે એવા અનીશ્ચીતતાના ભાવો છાતીમાં ઠંડો શેરડો પાડી રહ્યા હતા ને ક્લાસમાં યર ફોર્થના વીદ્યાર્થીઓ સામે પોતાનું ઈન્ટ્રોડક્શન આપવા લાગ્યાં ત્યારે પણ શરીરમાં હલકું કંપન હતું. કંબ્રીયા ટીચર ટ્રેનીંગ કૉલેજમાં તાલીમ લેતા વીદ્યાર્થીઓને લેક્ચરર્સ તરફથી શીખવણ આપવામાં આવતી- 'યાદ રાખજો, તમે પહેલી વાર જ્યારે તમારા ક્લાસના વીદ્યાર્થીઓ સામે ઉભાં રહેશો ત્યારે પ્રગટ થયેલી તમારા પ્રભાવની આછીપાતળી છાપ તમારા વીદ્યાર્થીઓમાં વજ્રલેપ થઈ જવાની.'

મીસીસ પટેલને અચાનક નાકમાં તીવ્ર વાસનો સળવળાટ અનુભવાયો. આગલી બેન્ચમાં એક ગંદો–ગોબરો છોકરો બેઠો હતો. એ છોકરાને જોતાંવેંત ઉબકા આવવા જેવું થયું. પણ થોડા દીવસ પસાર થયા પછી એમને સમજાયું કે એ છોકરો બીજા વીદ્યાર્થીઓથી પણ અતડો રહે છે અને અવારનવાર એમની જોડે બાખડી પડે છે. એનાં કપડાં કાયમ મેલાં–ચોળાયેલાં હોય છે ને દીવસોથી નાહ્યો નહીં હોય એથી એની પાસે બેઠેલા છોકરાઓને પણ એની વાસ આવે. આ ગંદા–ગોબરા છોકરાનું નામ 'ટોની લેંગ'! ક્લાસના છોકરાઓ તેને 'સ્મેલી' કહીને બોલાવતા. તેની રીતભાતથી ત્રાસી ગયેલાં મીસીસ પટેલે આ કારણે તેને બે-ચાર વાર નહાવા માટે નીશાળમાંથી ઘેર દોડાવવો પડેલો.

ક્લાસમાં એ ધ્યાન આપતો નહોતો કે હોમવર્ક પણ કરી લાવતો નહોતો. તેના પીતાને નીશાળે આવવા માટે મીસીસ પટેલે પત્રો પણ મોકલ્યા હતા. પણ ટોનીની માતાના મૃત્યુ પછી એ દારુની લતે ચડી ગયા હતા. એટલે નીશાળમાં દીકરો શું કરે છે તેની ચીંતા કરવી એણે છોડી દીધી હતી. મીસીસ પટેલ તેની પાસે જવાનું ટાળતાં, દુરથી થાય એટલું કરતાં. બે વાર ટોની ટૉયલેટમાં સીગારેટ પીતાં પકડાયેલો. મારામારી લગભગ રોજ કરતો અને પનીશમેન્ટ ભોગવતો. એક વાર તેણે એક ખુરશીનો ઘા કરીને સ્કુલની બારીનો કાચ તોડેલો. અઠવાડીયામાં બે વાર તે મોડો આવતો અને મહીનામાં એક વાર તે મીસીસ પટેલની સામું બોલતો. ગયા અઠવાડીયે હોમવર્ક ન કર્યા બદલ મીસીસ પટેલે તેને પ્રીન્સીપાલ પાસે મોકલ્યો, તો જતાં જતાં તેણે ત્રાડ પાડેલી : 'ગો ટુ હેલ, યુ બીચ! યુ બીચ!'

***

**પ**તીના અકાળ અવસાન પછી મીસીસ શીતલ પટેલને જીવનમાંથી રસ ઉડી ગયેલો. પતીના મડદા પાસે તોડેલી બંગડીઓ, ભુંસેલો ચાંદલો અને ત્યજેલાં ઘરેણાં હજી તેમણે ફરી અપનાવ્યાં નહોતાં. પોતાનું સમસ્ત જીવન એમણે ભણવા અને ભણાવવાના કાર્યમાં રેડી દીધું હતું. લાખ પ્રયત્ન છતાં મીસીસ પટેલ ટોની લેંગને કાબુમાં રાખી શકતાં નહોતાં. એ કારણે કદાચ બીજા વીદ્યાર્થીઓ એમને બીકણ પણ માનતા હશે. વારંવાર ટોનીના વહેવારના કારણે તે રાતની રાત જાગતાં, રોતાં, કલ્પાન્ત કરતાં પડી રહેતાં. પતીના અવસાન પછી એમનો એકમાત્ર પ્રીયતમ તે સ્કુલ–વર્ક. સ્કુલનું કામ, કામ, કામ. પણ આજે ટોનીએ ચાલુ ક્લાસે બધા છોકરાઓની સામે એમને ‘કુત્તી’ કહ્યાની નામોશી, મીસીસ પટેલ સાંખી શકતાં નહોતાં. પોતાની બેબસતાથી હવે એમને જીવનમાં કોઈ દીલચશ્પી રહી નહોતી. અને મીસીસ પટેલે ક્રીસમસની રજા પડે ત્યારે ટેઈમ્સ નદીમાં કુદીને જીવનનો અંત લાવવાનો નીર્ણય કરી લીધો હતો.

***

**અ**ચાનક સીનીયર ટીચર મીસ્ટર થોબર્ન માંદા પડ્યા અને વીદ્યાર્થીઓના પાછલાં વર્ષોના પ્રગતી-ગ્રાફને ઈવેલ્યુએટ કરવાનો કાર્યભાર હવે મીસીસ પટેલને શીરે આવ્યો. ટોની લેંગનું પ્રગતીપત્ર એમના હાથમાં આવ્યું ત્યારે મીસ પટેલે ટોનીના પુર્વશીક્ષકો પાસેથી નબળા રીમાર્કની ધારણા રાખી હતી. તેને બદલે ટોનીના પુર્વ ક્લાસ-ટીચરોએ કરેલી નોંધો વાંચીને એ થડક ખાઈ ગયાં!

-તેના યર ફર્સ્ટના ટીચર મીસ્ટર બીડલ લખતા હતા : ‘ટોની લેંગ હાર્ડવર્કીન્ગ અને ચીઅરફુલ સ્ટુડન્ટ છે.’

-યર સેકન્ડના ક્લાસ-ટીચર મીસ ટમ્બલરની નોંધ હતી : ‘ટોની લેંગ વર્ગમાં ટોપ સ્ટુડન્ટ છે; પણ આ વર્ષે તેની માતાની બીમારી અને ઘરના કલુષીત વાતાવરણની તેના અભ્યાસ પર અસર પડેલી જણાય છે.’

-યર થર્ડના ટીચર બ્રુટ્સે લખેલું : ‘તેની માતાનું મૃત્યુ થયું; તો પણ ટોનીએ ક્લાસમાં પોતાનો નંબર જાળવી રાખ્યો છે. તેના પીતાને ટોનીના ભણતરમાં બીલકુલ દીલચશ્પી જણાતી નથી. આથી તેનું મન અભ્યાસમાં ચોંટતું નથી.’

-ટોનીના યર ફોર્થ ગ્રેડનાં વર્ગશીક્ષક મીસીસ સ્મીથે નોંધેલું : 'આ વર્ષે ટોનીના બીહેવ્યરમાં ચેન્જ આવ્યો જણાય છે. ક્લાસમાં શુનમુન બેસી રહેવું, ચાલુ લેસને કોઈ કોઈ વાર ઉંઘી જવું, અને સહપાઠીઓથી અતડા અતડા રહેવું, ટોની જેવા સ્કુલના એક આશાસ્પદ વીદ્યાર્થી માટે, તેના આવા બીહેવ્યરના બારામાં વધુ છાનબીન કરવા હું સ્કુલની શીક્ષણ–સમીતી બોર્ડને સુચીત કરું છું.'

***

**ક્રી**સમસનો તહેવાર આવ્યો અને ક્લાસ બ્રેક થવામાં હતો. ક્લાસના છોકરાઓ ચમકીલા રંગીન કાગળોમાં ટીચર માટે ગીફ્ટ્સ લપેટી લાવ્યા હતા. ટોની પણ પોતાનાં 'મીસીસ પટેલ' માટે એક ગીફ્ટ લાવ્યો હતો. ગ્રોસરી શોપના બ્રાઉન પેપરમાં લઘરવઘર લપેટાયેલી એ ગીફ્ટ, ટોનીએ જ્યારે મીસીસ પટેલના હાથમાં ધરી, ત્યારે એ ગીફ્ટ સ્વીકારતાં મીસીસ પટેલના હાથ સહેજ ધ્રુજ્યા હતા.

મીસીસ પટેલ ગીફ્ટ્સનાં પેકેટ્સ ખોલવા લાગ્યાં. વચ્ચે ટોનીનું રદ્દી કાગળમાં વીંટાળેલું ગીફ્ટ્નું પડીકું ખોલતાં એમાંથી નીકળ્યું બહુ કીમતી નહીં તેવું એક બ્રેસલેટ, જેના કેટલાક સ્ટોન્સ ગાયબ હતા. એ કંગાલ ગીફ્ટ જોઈને વર્ગમાં અટ્ટહાસ્યનું મોજું ફરી વળ્યું.

પરંતુ મીસીસ પટેલ, 'આહ! વોટ એ લવલી બ્રેસલેટ!' કહેતાં એ બ્રેસલેટ જમણા હાથમાં પહેરવા લાગ્યાં ત્યારે આખો ક્લાસ સન્ન રહી ગયેલો !

ક્લાસ પુરો થયો. બધા છોકરાઓ પોતાનાં ખભે થેલા ભરાવી ક્લાસમાંથી નીકળવા લાગ્યા. મીસીસ પટેલ પોતાની ફાઈલ સમેટી ઉભાં થયાં, તો ટોનીને હજી પોતાની સીટ પર બેઠેલો જોયો. એ ટોનીની પાસે ગયાં. 'ટોની? તું હજી અહીં કેમ બેઠો છે? તારે ઘરે જવું નથી?'

ટોનીએ મીસીસ પટેલની સામે જોઈને કહ્યું: 'મીસીસ, આજે... મીસીસ, તમે બધાની વચ્ચે જે સ્ટાઈલથી હાથમાં બ્રેસલેટ પહેર્યું; બીલકુલ, એ જ સ્ટાઈલથી... માય મધર પણ..." એને ગળે ડુસકું બાઝી આવતાં તેનો અવાજ તરડાઈ ગયો, '...યુઝ્ડ ટુ વેર ધેટ બ્રેસલેટ.'

***

**મી**સીસ પટેલ પ્રેમ, મીઠાશ ને લગનથી ભણાવતાં અને સાથોસાથ ટોનીને પણ પ્રોત્સાહીત કરતાં રહેતાં. થોડા સમયમાં તો ટોનીનું એક ગોબરા વીદ્યાર્થીમાંથી સ્માર્ટ અને ઈન્ટેલીજંટ સ્ટુડન્ટમાં રુપાંતર થઈ

ગયું! મીસીસ પટેલના ક્લાસની વાર્ષીક પરીક્ષાનું પરીણામ પણ બીજા વર્ગોની સરખામણીએ ટકાવારીમાં સર્વોત્તમ રહ્યું.

બીજું વર્ષ વહી ગયું. એક દીવસ મીસીસ પટેલે પોતાના લેટરબોક્સમાં એક ચીઠ્ઠી પડેલી જોઈ. બે લાઈનવાળી એ ચીઠ્ઠીને હાથમાં લઈ એ વાંચવા લાગ્યાં :

'મીસીસ પટેલ, ઓફ઼ ઓલ ધ ટીચર્સ આઈ હેવ હેડ, યુ આર ધ બેસ્ટ! આપ મારી જીન્દગીનાં બધાં જ શીક્ષકોમાં શ્રેષ્ઠ શીક્ષક છો! યુ સેવ્ડ માઈ લાઈફ઼!"

મીસીસ પટેલે એ કાગળ વાંચી, ફ઼ાઈલ કરી દીધો.

સમયના પ્રવાહમાં બીજાં છ વર્ષો વહી ગયાં અને એમને ટોની લેંગ તરફ઼થી પાછી એક ચીઠ્ઠી મળી :

'મેં હવે સેકન્ડરી સ્કુલનું એજ્યુકેશન પુરું કર્યું છે. હજી પણ મીસીસ પટેલ, મારી જીન્દગીના બધા જ શીક્ષકોમાં, યુ આર સ્ટીલ ધ બેસ્ટ!

મીસીસ પટેલે એ કાગળ પણ પોતાની ફ઼ાઈલમાં મુકી દીધો.

એ પછી બીજા પાંચ વર્ષોનો ગાળો સમયની પાંખો પર સર સર કરતો પસાર થઈ ગયો. પણ આ વખતે ટોનીનો એક  ટુંકો પત્ર આવ્યો :

'મેં ઓનર્સ સાથે બી.એ. પુરું કર્યુ છે. હવે ગ્રેજ્યુએટ થઈ ગયો છું. પણ ખાતરી સાથે કહી શકું છું કે, હજી પણ મીસીસ પટેલ, તમે જ મારી જીન્દગીના બધા જ શીક્ષકોમાં, યુ આર સ્ટીલ ધ બેસ્ટ! યુ સેવ્ડ માઈ લાઈફ઼!"

એ પત્ર પણ મીસીસ પટેલની ફ઼ાઈલમાં સ્થાન પામ્યો.

સમય તો બસ, સરતો જાય છે. મીસીસ પટેલ અને તેના એક વખતના વીદ્યાર્થી ટોનીના જીવનના બીજાં ચારેક વર્ષો કપાઈ ગયાં. પાછો એક વેળા ટોનીનો પત્ર આવ્યો :

'બી.એ. કર્યા પછી હજી મારે આગળ વધવું છે. અને મીસીસ પટેલ, હજી પણ તમે જ મારી જીન્દગીના બધા શીક્ષકોમાં ઉત્તમ અને મારા પ્રીય શીક્ષક છો. ઓફ઼ ઓલ ધ ટીચર્સ આઈ હેવ હેડ, યુ આર સ્ટીલ ધ બેસ્ટ! યુ સેવ્ડ માઈ લાઈફ઼!"

પણ આ વખતે તેના નામ પાછળ ડીગ્રીનું લેબલ હતું: 'ટોની એફ઼. લેંગ, પીએચડી.'

પણ વાત અહીં અટકતી નથી. વીન્ટરની શરુઆતમાં તેનો છેલ્લો પત્ર આવ્યો. એ લખતો હતો :

'મીસીસ પટેલ! હું મીરાન્ડા ગોમેઝ નામની મારી કો–વર્કરના પ્રેમમાં પડ્યો છું. અમે ડેટ કરીએ છીએ અને હવે પરણવાનાં છીએ. એક વર્ષ પહેલાં મીરાન્ડાના પીતાનું અવસાન થયું છે અને તેની માતા

સીવાય એનું અંગત સગું બીજું કોઈ નથી. હું ઈચ્છું છું કે તમે અમારા વેડીંગમાં હાજર રહો અને મારી માતાની જગ્યાએ, તમે મારી બાજુમાં બેસો. તમે આવશો ને?'

અલબત્ત, મીસીસ પટેલે એ વેડીંગ સેરીમનીમાં હાજરી આપી. સેંટ વીન્સ્ટન બોયઝ સ્કુલમાં એક સમયે ભણાવતાં અને અત્યારે નીવૃત્તી ભોગવતાં મીસીસ સ્મીથ પણ એમની સાથે આવ્યાં હતાં. એક સમયે મીસીસ સ્મીથ પણ ટોનીનાં ક્લાસ ટીચર હતાં અને હવે એક દાયકાથી મીસીસ પટેલનાં બેસ્ટ ફ્રેન્ડ હતાં.

પોતાના પુત્રવત્ વીદ્યાર્થીની પડખે વેડીંગ સેરીમનીમાં બેઠાં ત્યારે મીસીસ પટેલે શું પહેર્યું હતું? વર્ષો પહેલાં ટોનીએ ગીફ્ટમાં આપેલું એ જ બ્રેસલેટ તેના જમણા હાથની શોભા બન્યું હતું અને ટોનીની માતાએ ક્રીસમસમાં વાપર્યું હતું એ જ પરફ્યુમ ચોમેર સુગંધના ફુવારા છોડતું હતું.

ટોની લેંગે મીસીસ પટેલનો હાથ સાહી, તેમના કાનમાં કહ્યું:

'ઓફ ઓલ ધ ટીચર્સ આઈ હેવ હેડ, યુ આર સ્ટીલ ધ બેસ્ટ !''

મીસીસ પટેલ રમુજની નજરે ટોનીની સામે જોવા લાગ્યાં.

'યસ, યુ આર, મીસીસ પટેલ!' ટોનીએ શબ્દો દોહરાવ્યા. મીસીસ પટેલ હસીને યાર્ડના બગીચા તરફ ગયાં.

એટલામાં મીસીસ સ્મીથ એ તરફ આવ્યાં. મીસીસ સ્મીથ ટોનીના ખભા પર હાથ મુકતાં બોલ્યાં: 'ટોની, તેં માર્ક કર્યું કે નહીં? વર્ષો પહેલાં જે બ્રેસલેટ મારી બહેનપણી શીતલને તેં ગીફ્ટમાં આપેલું, તે દીવસથી આજ સુધી એ બ્રેસલેટ એણે હાથમાંથી ઉતાર્યું નથી.'

'રીયલી?'' તેણે મીસીસ સ્મીથને પુછ્યું. પછી જવાબની રાહ જોયા વીના એ મીસીસ પટેલ પાસે દોડી ગયો અને તેમનો હાથ ઝંઝોટી નાખતા પુછવા લાગ્યો: 'ઈઝ ધેટ ટ્રુ મીસીસ પટેલ?'

'યસ માય સન. ઈટ્સ ટ્રુ!' ટોની માનતો હતો કે મીસીસ પટેલે તેની જીન્દગી બચાવી છે. તેને ખબર નહોતી કે તેના બ્રેસલેટે મીસીસ પટેલને ટેઈમ્સ નદીમાં કુદી પડતાં અટકાવ્યાં હતાં!

ત્યાં મીરાન્ડા દોડતી આવી, 'વોટ? વોટ? ટેલ મી!'

મીસીસ પટેલે મીરાન્ડાના ગાલે હાથ ફેરતાં જણાવ્યું, "હું ટોનીને કહેતી હતી કે ઓફ ઓલ ધ ગીફ્ટસ આઈ રીસીવ્ડ ઈન માય લાઈફ, યોર્સ ઈઝ ધ બેસ્ટ!"

તે પછીનું વાક્ય તેમણે મનમાં બોલી લીધું: 'યુ સેવ્ડ માય લાઈફ ટુ!

(આ વાર્તા 'અખંડ આનંદ' માસીકમાં પ્રકાશીત થઈ હતી.)

–વલ્લભ નાંઢા

સર્જકસમ્પર્ક :

Vallabh Nandha,

324 Horn Lane, Acton, LONDON  W3 6TH

Tel: 0208 992 0919 eMail: vallabh324@aol.co

લેખકનું સાહીત્યસર્જન :

ત્રણ નવલકથાઓ : 'કાળજે કોતરાયેલી પીડા', 'પ્રીતમ આન મીલો' અને 'જોબનનાં ઝેર'

(પ્રકાશક : પ્રથમ બેના 'નવભારત સાહીત્ય મંદીર' અને છેલ્લીના 'પાર્શ્વ પ્રકાશન')

આઠ વાર્તાસંગ્રહો પ્રકાશીત થયા છે.

વલ્લભભાઈ પોતાની સાહીત્યસેવા બદલ લંડનની 'ગુજરાતી સાહીત્ય અકાદમી' અને રાજકોટની 'સૌરાષ્ટ્ર યુનીવર્સીટી' તરફથી બહુમાન પામ્યા છે. લંડનની 'સાહીત્ય–સંગીત કલાનીકેતન' સંસ્થા દ્વારા સુવર્ણચન્દ્રથી સન્માનીત થયા છે. ..ઉત્તમ.મધુ ગજ્જર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: બારમું – અંક : 365 – January 08, 2017

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,30,93,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 70,04,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,94,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 4,62,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@